## પેપર લીક કેસમાં CBI તપાસનો આદેશ, ફરી પરીક્ષા લેવાશે

# NEET પરીક્ષા રદ વડોદરાના વિદ્યાર્થીઓ નિરાશ

**3 મેના રોજ** લેવાયેલી પરીક્ષા રદ, 24 લાખથી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર સવાલ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12
મેડિકલ પ્રવેશ માટેની સૌથી મોટી પરીક્ષા નીટ યુજી 2026 રદ કરવામાં આવી છે. પેપર લીકની ગંભીર ઘટના સામે આવ્યા બાદ કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. સીબીઆઈને સમગ્ર મામલાની તપાસ સોંપવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

નીટ યુજી 2026ની પરીક્ષા તા. 3 મે 2026 ના રોજ દેશભરના હજારો કેન્દ્રો પર યોજાઈ હતી. આ પરીક્ષામાં 24 લાખથી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. પરીક્ષા પૂર્ણ થયાના થોડા દિવસોમાં જ પેપર લીક થયાના આક્ષેપો સાથે સોશિયલ મીડિયા પર કેટલાક પેપરના ફોટા વાયરલ થયા હતા. પેપર લીકના આક્ષેપો બાદ દેશભરના વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. વિપક્ષે પણ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. વિવાદ વધુ વકરતા શિક્ષણ મંત્રાલયે તાત્કાલિક અસરથી પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો હતો. સાથે જ આ સમગ્ર કૌભાંડની સીબીઆઈ તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. પરીક્ષા રદ થતા 24 લાખથી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર સવાલ ઉભા થયા છે. એનટીએ દ્વારા હવે નવી તારીખે ફરીથી પરીક્ષા લેવામાં આવશે. જોકે નવી તારીખની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી. વિદ્યાર્થીઓ માનસિક તણાવમાં મુકાયા છે. સીબીઆઈ દ્વારા પેપર લીક કૌભાંડમાં સંડોવાયેલા કોચિંગ સંચાલકો, દલાલો અને અધિકારીઓની સંડોવણીની તપાસ કરવામાં આવશે. દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી સરકાર દ્વારા આપવામાં આવી છે. એનટીએની સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે. વિદ્યાર્થીઓને માત્ર સત્તાવાર વેબસાઈટ http://neet.nta.nic.in પરથી જ માહિતી મેળવવા અપીલ કરવામાં આવી છે.


ચિંતિત વિદ્યાર્થીઓ

### 6280 વિદ્યાર્થીના સ્વપ્ન પર પાણી રેડાયું

મેડિકલ અને ડેન્ટલ કોલેજોમાં પ્રવેશ માટે લેવાતી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ 3 મેના રોજ લેવાયો હતો. જેમાં વડોદરા શહેરના 18 કેન્દ્રો પર કુલ 6280 વિદ્યાર્થીઓ તબીબી ક્ષેત્રે કારકિર્દી બનાવવાના પરીક્ષા આપી હતી. નીટની પરીક્ષા આપનાર શહેરના વિદ્યાર્થીઓએ આક્ષેપ સાથે કહ્યું હતું કે, આ સ્ટેટ લેવલની એક્ઝામ હોય કોર્સની તો એ પણ આ જ દિવસ સુધી સાંભળ્યું નથી કે લીક થયા હોય તો પછી નેશનલ લેવલ પર એનટીએ કંડક્ટ આ પેપર લીક થાય તો એમની માટે આ શરમજનક વાત કહેવાય.

**કેટલાક પ્રશ્નો જ લીક થયા : NTAના DG** પેપર લીક મામલે નેશનલ ટેસ્ટિંગ એજન્સીના ડાયરેક્ટર જનરલ અભિષેક સિંહે સ્પષ્ટતા કરી છે કે આખું પેપર લીક થયું નથી, માત્ર કેટલાક પ્રશ્નો જ લીક થયા છે.

### પાણીનું ટેન્કર ટ્રેક્ટર પાછળ ઊલટુ ફિટ કરી દીધું!




■ વડોદરા મહાનગરપાલિકા હંમેશા પોતાની અનોખી અને વિવાદાસ્પદ કામગીરીને કારણે ચર્ચામાં રહે છે. ક્યારેક રસ્તાના ખાડા તો ક્યારેક પ્રી-મોન્સૂન કામગીરીમાં થતી લોલમલોલ વચ્ચે હવે પાલિકાના મિકેનિકલ વિભાગનો એક એવો નમૂનો સામે આવ્યો છે, જેને જોઈને 'ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ' પણ વિચારમાં પડી જાય! પાલિકાના કર્મચારીઓએ ઉતાવળમાં પાણીનું ટેન્કર ટ્રેક્ટર પાછળ એવી રીતે ફિટ કરી દીધું કે ટેન્કર જ ઊંધું બેસી ગયું. હવે આ 'ઉંધા માથાના' ટેન્કરને જોઈને વડોદરાના નાગરિકો પાલિકાની બુદ્ધિનું પ્રદર્શન જોઈ પેટ પકડીને હસી રહ્યા છે.

## વડોદરામાં ફરી જોખમી સવારી

# નટુભાઈ સર્કલથી ગોત્રી રોડ તરફ જતા JCBનો વીડિયો વાયરલ

જેસીબીની આગળ-પાછળ 10 થી વધુ શ્રમિકોને બેસાડાયા,ચાલકે ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડાવ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12
વડોદરામાં ફરી એકવાર જેસીબી મશીનમાં જોખમી સવારીનો વીડિયો સામે આવ્યો છે. નટુભાઈ સર્કલથી ગોત્રી જવાના માર્ગ પર જેસીબી ચાલકે શ્રમિકોના જીવ જોખમમાં મૂકીને ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાવ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે, એક જેસીબી મશીનના આગળના બકેટમાં ચાર મહિલા અને એક પુરુષ શ્રમિક બેઠેલા છે.

જેસીબીના પાછળના ભાગે પણ પાંચથી વધુ શ્રમિકોને બેસાડવામાં આવ્યા છે. ચાલક ભરચક ટ્રાફિક વચ્ચે આ રીતે 10 થી વધુ શ્રમિકોને લઈને બેફામ જેસીબી હંકારી રહ્યો છે. જેસીબી જેવા ભારે મશીનમાં મુસાફરોને બેસાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આગળના બકેટમાં બેસાડેલા શ્રમિકોનું



સંતુલન બગડે કે બ્રેક મારતા જ નીચે પટકાવાનું જોખમ રહે છે. છતાં ચાલકે પૈસા બચાવવા કે સમય બચાવવા શ્રમિકોના જીવ જોખમમાં મૂક્યા હતા. અવારનવાર આવા વીડિયો સામે આવવા છતાં ટ્રાફિક પોલીસ અને આરટીઓ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન થતી હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. શહેરમાં ઠેર ઠેર આવા જોખમી દશ્યો જોવા મળે છે, પરંતુ નિયમોનું પાલન કરાવવામાં તંત્ર નિષ્ફળ જણાય છે. હાલ પોલીસ વીડિયોના આધારે જેસીબી અને ચાલકની શોધખોળ કરી રહી છે.

## વીજ સમસ્યાથી ભરૂચના અનેક વિસ્તારોના લોકો ત્રસ્ત

ભરૂચ : ભરૂચ શહેરના વોર્ડ નંબર 2 હેઠળ આવતા વિવિધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી વીજ પુરવઠામાં વારંવાર ખોરવાટ સર્જાઈ રહ્યો છે. દિવસ અને રાત્રિ દરમિયાન અનિયમિત વીજકપાતને કારણે નાગરિકોના રોજિંદા જીવનને ભારે અસર થઈ રહી છે.ઢાંગરાવાડ, મુંડા ફળીયા, ડભોઈયાવાડ, સિંધીવાડ, સુથાર ફળિયું, ડબીપુરા, મદની પાર્ક અને અહમદનગર સહિતના વિસ્તારોમાં દિવસ દરમિયાન અનેક વખત વીજળી જતી રહે છે. ગરમીના વધતા પારાથી વેપારીઓ, વિદ્યાર્થીઓ અને વૃદ્ધોને ખાસ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.રાત્રિના સમયે સ્થાનિક ડીપીમાં સ્પાર્કિંગ અને આગ લાગવાના બનાવો બનતા હોવાની ફરિયાદો સામે આવી છે. આસપાસના વિસ્તારના લોકોએ કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ગંભીર આશંકા વ્યક્ત કરી છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે વીજ વિભાગ તાત્કાલિક કાયમી ઉકેલ લાવે.

## દીકરીએ વિરોધ નોંધાવી બુમાબુમ કરતા પરિવારે 181 મહિલા ટીમની મદદ માગી

# બસમાં મુસાફરી દરમિયાન આધેડે સગીરાના શારીરિક અડપલા કર્યા

**આધેડે** "ઉંઘમાં ભૂલથી આવું થઈ ગયું" હોવાનું રટણ કર્યુ પણ અન્ય મુસાફરોએ જુઠાણુ ગણાવી એક ન ચાલવા દીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.12
વેકેશન દરમિયાન પરિવાર સાથે મુસાફરી કરતી સગીરા સાથે બસમાં બાજુમાં બેઠેલા આધેડ વયના વ્યક્તિ દ્વારા શારીરિક અડપલા કરવામાં આવ્યા હતા. સારંગપુરથી વલસાડ જતી બસમાં બનેલી આ ઘટનામાં સગીરાએ હિંમતપૂર્વક વિરોધ નોંધાવતા પરિવારજનોને જાણ કરી હતી. બાદમાં પરિવાર દ્વારા મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરવામાં આવ્યો હતો. અભયમની ટીમે તાત્કાલિક સેન્ટર ડેપો ખાતે દોડી આવી હતી આધેડે કાકલુદી કરતા પરિવારની ઈચ્છા મુજબ સમાધાન કરાવ્યું હતું.

પરિવાર બસમાં અલગ-અલગ સીટ પર બેઠો હતો, જ્યારે સગીરા એક આધેડ વ્યક્તિની બાજુમાં બેઠી હતી. મુસાફરી દરમિયાન વટામણ નજીક પહોંચતા આધેડે સગીરાને અયોગ્ય રીતે સ્પર્શ કરી અડપલા કરવાનું શરૂ કર્યું હતું. સગીરાએ તરત જ બૂમાબૂમ કરી વિરોધ નોંધાવ્યો હતો. ઘટના અંગે જાણ થતાં પરિવારજનો ચોંકી ઉઠ્યા અને 181 અભયમ્ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો.

માહિતી મળતાં જ અભયમ્ ટીમ વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે પહોંચી હતી અને સમગ્ર હકીકત જાણી હતી. શરૂઆતમાં આધેડે "ઉંઘમાં ભૂલથી આવું થઈ ગયું" હોવાનું જણાવ્યું હતું, પરંતુ બસમાં હાજર અન્ય મુસાફરોએ જણાવ્યું કે સગીરાએ વિરોધ કર્યા બાદ પણ તેણે બે-ત્રણ વખત આવી હરકત કરી હતી. અભયમ્ ટીમે આધેડને કડક શબ્દોમાં ચેતવણી આપી હતી કે મહિલાઓ અને કિશોરીઓ સાથે આવી હરકતો કાયદેસર ગુનો બને છે.

પરિવાર વેકેશન માટે સગાંઓના ઘરે જતો હોવાથી તેમણે પોલીસ ફરિયાદ કરવાની ના પાડી હતી. ત્યારબાદ આધેડ પાસે સગીરા અને પરિવાર સમક્ષ માફી મગાવાઈ હતી તથા ભવિષ્યમાં આવી હરકત ન કરવા કડક તાકીદ કરવામાં આવી હતી. સમગ્ર ઘટનામાં સમયસર સહાય અને સંવેદનશીલ કામગીરી બદલ પરિવારજનોએ અભયમ્ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ફોર્ચ્યુનર કાર ચોરી મામલે વધુ એક આરોપીની નવસારીથી ધરપકડ

(પ્રતિનિધિ) અંકલેશ્વર તા.12
અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ઓમ બંગલોઝ સોસાયટી પાસે પાર્ક કરેલી ફોર્ચ્યુનર કારની ચોરીના બનાવમાં સંડોવાયેલા વધુ એક આરોપીને જીઆઈડીસી પોલીસે નવસારીમાંથી ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ગણેશ પાર્ક સામે આવેલ ઓમ બંગલોઝમાં રહેતા ધર્મેશ પટેલના પુત્ર પોતાની ફોર્ચ્યુનર કાર લઈને જોગર્સ પાર્ક ગયા હતા. ગત તા. માર્ચના રોજ પરત આવી તેઓએ કાર પોતાના મકાન આગળ પાર્ક કરી દીધી હતી. દરમિયાન રાત્રિના સમયે અજાણ્યા વાહનચોરોએ ત્રાટકી અંદાજે રૂ. 38 લાખ કિંમતની ફોર્ચ્યુનર કાર ચોરી કરી ફરાર થઈ ગયા હતા.બનાવ અંગે જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી હતી.

## વડોદરાના શાસકોના પાપે 'કાશી વિશ્વનાથ' તળાવ બન્યું ગંદકીનું ધામ




■ સંસ્કારી નગરી વડોદરામાં 'સ્માર્ટ સિટી'ના સપના વેચતા પાલિકાના સત્તાધીશો માટે તળાવો કદાચ વિકાસનું સાધન નહીં, પણ કમાણીનું સાધન બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં જ્યારે પણ કોઈ તળાવના બ્યુટીફિકેશનની વાત આવે, ત્યારે પાલિકાના મળતિયા કોન્ટ્રાક્ટરો માટે લાખો-કરોડોના આંધણના દ્વાર ખુલી જાય છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે આ બ્યુટીફિકેશન માત્ર કાગળ પર અને નેતા-અધિકારીઓના ગજવામાં દેખાય છે.

## પ્રધાનમંત્રીના રોડ શો દરમિયાન મોટી દુર્ઘટના ટળી

# વીજપોલ એકાએક ધરાશાયી NCCના કેડેટ્સનો બચાવ

(પ્રતિનિધિ) વડોદરા તા.12
સંસ્કારી નગરી વડોદરામાં ગત રોજ આયોજિત પ્રધાનમંત્રીના ભવ્ય રોડ શો દરમિયાન એકાએક ગંભીર દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. રોડ શોના નિર્ધારિત રૂટ પર એકાએક વીજળીનો થાંભલો ધરાશાયી થતા સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે, થાંભલો પડ્યો તે સમયે નજીક ઉભેલા એનસીસીના બાળકોનો આબાદ બચાવ થયો હતો, જેના કારણે મોટી જાનહાનિ ટળી હતી. જોકે, આ ઘટનાને પગલે પાલિકા તંત્રના નબળા આયોજન અને સુરક્ષા વ્યવસ્થાના અભાવ સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રધાનમંત્રીના સ્વાગત માટે શહેરના વિવિધ માર્ગો પર વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. રોડ શો દરમિયાન લોકોની ભારે ભીડ અને ઉત્સાહ વચ્ચે અચાનક એક જર્જરિત વીજપોલ પત્તાના મહેલની જેમ જમીનદોસ્ત થઈ ગયો હતો. જે સમયે આ ઘટના બની ત્યારે ત્યાં એનસીસીના કેડેટ્સ મોટી સંખ્યામાં હાજર હતા. થાંભલો પડતા જ લોકોમાં ગભરાટ ફેલાયો હતો અને જીવ બચાવવા માટે નાસભાગ મચી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, જો સેકન્ડોનો પણ વિલંબ થયો હોત તો નિર્દોષ બાળકો આ દુર્ઘટનાનો શિકાર બની શક્યા હોત. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશો અને નાગરિકોમાં પાલિકા તંત્ર પ્રત્યે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકોનો આરોપ છે કે આવા હાઈ-પ્રોફાઈલ કાર્યક્રમ પૂર્વે જે રૂટ પરથી મહાનુભાવો પસાર થવાના હોય ત્યાં સુરક્ષાનું ઝીણવટભર્યું ચેકિંગ કરવું જોઈએ, પરંતુ તંત્રએ માત્ર દેખાડો કરવામાં જ રસ દાખવ્યો હોય તેવું જણાય છે. નબળા પોલ અને લટકતા વાયરો જેવી જોખમી સ્થિતિ હોવા છતાં વહીવટી તંત્રએ તેને ગંભીરતાથી લીધી ન હતી.

## સ્માર્ટ સિટીના દાવાઓ ભુવામાં ગરકાવ!

# વડોદરામાં કોન્ટ્રાક્ટરની બેદરકારીથી મુખ્ય માર્ગ પર જ 'મોતનો ખાડો'

(પ્રતિનિધિ) વડોદરા તા.12
વડોદરા શહેરમાં સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે શહેરના રસ્તાઓની વાસ્તવિક સ્થિતિ ફરી એકવાર સામે આવી છે. બીલથી ચાપડને જોડતા ધમધમતા મુખ્ય માર્ગ પર પાલિકાના કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે મસમોટો ભુવો પડતા વાહનચાલકો અને સ્થાનિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

મળતી માહિતી મુજબ, વડોદરા મહાનગરપાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા ગેસ પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન કોઈપણ યોગ્ય આયોજન કે ટેકનિકલ દેખરેખ વગર ખોદકામ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા ભારે પાણીનો પ્રવાહ રસ્તા પર ફરી વળ્યો હતો અને જોતજોતામાં રોડ પર મોટો ભુવો પડી ગયો હતો.



પાણી સાથે કાદવ અને કીચડ રસ્તા પર ફેલાઈ જતા અનેક દ્વિચક્રી વાહનચાલકો સ્લિપ થઈ પટકાયા હોવાની માહિતી સામે આવી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ખોદકામ દરમિયાન કોન્ટ્રાક્ટર પાસે કોઈ સ્પષ્ટ નકશો કે ટેકનિકલ દસ્તાવેજો પણ ન હતા.સ્થાનિક લોકોએ આક્ષેપ કર્યો હતો કે જ્યારે જાગૃત નાગરિકોએ કોન્ટ્રાક્ટરને પૂછપરછ કરી ત્યારે તેણે સમસ્યાનો ઉકેલ લાવવાને બદલે સ્થળ છોડીને નાસી છૂટ્યો હતો. ઘટનાને પગલે બીલ-ચાપડ વિસ્તારના રહીશોમાં ભારે રોષ ફેલાયો હતો.સ્થાનિકોનું કહેવું છે કે શહેરમાં "અત્ર તત્ર સર્વત્ર માત્ર ખાડા જ" જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. પાલિકાના નબળા સુપરવિઝન અને બેદરકાર કામગીરીના કારણે સામાન્ય જનતા પરેશાન બની રહી છે.લોકોએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી દરમિયાન વિકાસના મોટા દાવા કરનાર જનપ્રતિનિધિઓ સમસ્યા સર્જાયા બાદ સ્થળ પર જોવા પણ આવ્યા નથી. શહેરના અનેક વિસ્તારોમાં ખોદકામ બાદ રસ્તાઓની યોગ્ય મરામત કરવામાં આવતી ન હોવાની ફરિયાદ પણ સ્થાનિકોએ ઉઠાવી હતી. બીલ-ચાપડને જોડતો આ મુખ્ય માર્ગ હાલ વાહનચાલકો માટે જોખમી બન્યો છે.

## ભાયલીમાં વર્કશોપ પાસે યુવક બેભાન મળ્યો, તબીબોએ મૃત જાહેર કર્યો

વડોદરા : વડોદરાના ભાયલી વિસ્તારમાં એક યુવક શંકાસ્પદ સંજોગોમાં બેભાન હાલતમાં મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક લોકો દ્વારા યુવકને તાત્કાલિક સારવાર માટે ગોત્રી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. વડોદરા જિલ્લાના બીલ ગામે રહેતા રણજીતસિંહ ઉદેસિંહ વાઘેલા (ઉ.વ.37) તા.11 મેના રોજ વહેલી સવારે અંદાજે 6 વાગ્યાના સમયે ભાયલી સ્ટેશન રોડ પર જેકો કંપનીની બાજુમાં આવેલા શ્રીજી સાંઈ આર્ટ વર્કશોપના ગેટ નજીક ખુલ્લી જગ્યામાં ખાટલામાં બેભાન હાલતમાં જોવા મળ્યા હતા. ઘટનાની જાણ થતાં આસપાસના લોકોએ તરત જ 108 મારફતે તેમને ગોત્રી હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જોકે હોસ્પિટલ ખાતે ફરજ પરના ડોક્ટરે તપાસ બાદ યુવકને મૃત જાહેર કર્યો હતો.

## ટેકનિકલ ખામીના કારણે આગ લાગી હોવાની શક્યતા

# ગોત્રી પાણીની ટાંકી પાસે કારમાં આગથી અફરાતફરી



( પ્રતિનિધિ ) વડોદરા, તા.12
વડોદરાના ગોત્રી વિસ્તારમાં પાણીની ટાંકી પાસે પસાર થઈ રહેલી એક કારમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે સ્થાનિક લોકોની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, ગોત્રી પાણીની ટાંકી નજીકથી પસાર થઈ રહેલી કારમાંથી અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા કાર આગની લપેટમાં આવી ગઈ હતી. ઘટનાને પગલે આસપાસના લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

આગની જાણ થતાં નજીકના દુકાનદારો અને સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં જ લોકોએ દુકાનોમાંથી ડોલ અને જગમાં પાણી ભરી આગ બુઝાવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.

## પારુલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો આબાદ બચાવ

# ગોલ્ડન ચોકડી પાસે સર્વિસ રોડ પર બસનો અકસ્માત વિદ્યાર્થીઓનો બચાવ

ટ્રેલર પાછળ બસ અથડાઈ, બ્રેક ફેઈલ થતાં સર્જાઈ દુર્ઘટના: ચાલકની સમયસૂચકતાથી જાનહાનિ ટળી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.12
વડોદરાના ગોલ્ડન ચોકડી પાસેના સર્વિસ રોડ પર પારુલ યુનિવર્સીટીની બસનો અકસ્માત સર્જાયો હતો. સદનસીબે બસમાં સવાર યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓનો આબાદ બચાવ થયો હતો અને કોઈને ઈજા પહોંચી નથી. જોકે, જોરદાર ટક્કર થતા એક તબક્કે બસમાં સવાર વિદ્યાર્થીઓના જીવ પડીકે બંધાયા હતા.

બસના ચાલક ફતેસિંહભાઈએ ઘટના અંગે જણાવ્યું કે, મારી આગળ એક ટ્રેલર ચાલતું હતું. અચાનક મારી બસની બ્રેક ફેઈલ થઈ ગઈ એટલે ટ્રેલરની પાછળ ટક્કર લાગી ગઈ. અકસ્માત બાદ તરત જ બસમાં સવાર તમામ વિદ્યાર્થીઓને સહી સલામત રીતે બહાર કાઢ્યા હતા. સદનસીબે કોઈને ઈજા પહોંચી નથી. અમે બધાને સુરક્ષિત સ્થળે પહોંચતા કરી દીધા છે. અકસ્માત બાદ ટ્રેલર ચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો. બસ ચાલકે જણાવ્યું કે,



અમે ટ્રેલરનો નંબર નોંધી લીધો છે અને અમારી ઓફિસે જાણ કરી દીધી છે. કહેશે એ મુજબ આગળની કાર્યવાહી થશે. બસમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ મુસાફરી કરી રહ્યા હતા. બ્રેક ફેઈલ થવા છતાં ચાલકની સમયસૂચકતાને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. પોલીસે ટ્રેલર ચાલકની શોધખોળ શરૂ કરી છે.

## હત્યાના પ્રયાસથી લઈ ખંડણી સુધીના ગંભીર ગુનાઓમાં સંડોવણી

# કાસમઆલા ગેંગના હસન સુન્નીના જામીન રદ કરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.12
ગુજસોટોક ના ગુનાના આરોપી હસન ઉર્ફે ઝાંઝર કાદરમિયાં સુન્ની મની જામીન અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરી તેને કસ્ટડીમાં સોંપવાનો હુકમ કર્યો છે. વડોદરા શહેર ડીસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના હેઠળ ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ (GCTOC) મુજબ નોંધાયેલા ગુનામાં આરોપી હસન ઉર્ફે ઝાંઝર કાદરમિયાં સુન્ની સામે કોર્ટ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તપાસ મુજબ આરોપી હસન ઉર્ફે ઝાંઝર કાસમઆલા ગેંગના અન્ય સભ્યો સાથે મળી સંગઠિત ગુનાહિત ટોળકી ચલાવતો હતો. આ ગેંગ દ્વારા વડોદરા શહેર વિસ્તારમાં શરીર અને મિલકત સંબંધિત ગંભીર ગુનાઓ આચરી પોતાની ધાક જમાવવામાં આવતી હતી. આરોપીઓ દ્વારા કરાયેલી તપાસમા બળજબરીથી ઉઘરાણી, ખંડણી, ધમકી, અપહરણ, લૂંટ, ધાડ, ચોરી, હત્યાના પ્રયાસ તેમજ તિક્ષ્ણ હથિયારો અને ફાયરઆર્મ્સ વડે હુમલાઓ કરાતા હોવાનું સામે આવ્યું છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ દ્વારા વિસ્તારમાં ભયનું વાતાવરણ ઉભું કરી લાંબા સમયથી સંગઠિત રીતે અનેક ગુનાઓ આચરવામાં આવતા હતા. આ મામલે આરોપી હસન ઉર્ફે ઝાંઝર કાદરમિયાં સુન્નીની અટકાયત કરાઇ હતી. પૂરતા પુરાવા મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આરોપી હસન ઉર્ફે ઝાંઝરે નિયમિત જામીન મેળવવા માટે અરજી દાખલ કરી હતી, પરંતુ કોર્ટ દ્વારા જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ આરોપી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પણ સ્ટે મેળવવા અરજી કરવામાં આવી હતી, પરંતુ તે અરજી પણ ફગાવી દેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રઘુવીર પંડ્યાએ દલીલો રજૂ કરતાં કોર્ટે સરકારની અરજી મંજૂર કરી આરોપીના જામીન રદ કરી તેને કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો છે.